દેલવાડાકર સિરીઝ—બાળગ્રંથાવળી

કિન્ડરગાર્ટન.

# ગુજરાતી વાંચન—માળા.

## સચિત્ર મૂળભાગ



દેલવાડાકર-સિરીઝ-બાળગ્રંથાવળી. નં. ૧.

## કિન્ડર ગાર્ટન

# ગુજરાતી વાંચન-માળા.

## સચિત્ર-મૂળભાગ.

બાળવર્ગના ઉપયોગ માટે.

સ્વર-વ્યંજનના અક્ષરો ઉપરથી રહેલા શબ્દો અને
સાદાં વાક્યોની સચિત્ર રચના.

રચનાર-ગોપાળજી કલ્યાણજી દેલવાડાકર.
કિન્ડરગાર્ટનીસ્ટ.

એન. એમ. ત્રિપાઠીની કુંપની. મુંબઈ.

કિંમત ૩ આના.

# શિક્ષક મંડળને સૂચના.

‘ગુજરાત શાળા-પત્ર’ ના માસ એપ્રિલ ૧૯૦૨ તથા ૧૯૦૩ ના અંકનાં પ્હેલાં અને છેલ્લાં પૃષ્ઠપર શિક્ષકોનું ખાસ લક્ષ ખેંચવામાં આવે છે.

‘દેલવાડાકર.’



નિર્ણયસાગર પ્રેસમાં છાપ્યું છે.

૧૯૫૯–૧૯૦૩.

# પ્રસ્તાવના.

ગુજરાતી પ્રાથમિક શાળાઓનાં નવીન ધોરણોમાં બાળવર્ગ અને પ્હેલા ધોરણના બે વિભાગ પાડવામાં આવ્યા છે, અને તે ધોરણોમાં કિન્ડરગાર્ટન રૂઢીપ્રમાણે શરૂઆતનું શિક્ષણ આપવાનું ઠરાવ્યું છે. કિન્ડરગાર્ટન શિક્ષણ આપવા માટે, સરકારી કેળવણીખાતાએ **'બાળ-ખેલ'** નામનું પુસ્તક મંજુર કર્યું છે, અને વાંચન જ્ઞાનમાટે **'હોપકૃત પ્હેલી** ચોપડી' નક્કી કરેલી છે. પ્હેલી ચોપડી પ્હેલા ધોરણમાં ચાલે છે, પણ બાળવર્ગમાટે ગુજરાતી વાંચન-માળામાં એક પણ પુસ્તક નથી. અંગ્રેજી બાળ-સાહિત્યમાં બાળ-વાંચન Infant reader પુસ્તકો ક્રમવાર રચાયલાં છે, અને હાલમાં મરાઠી બાળ-વર્ગ માટે એક નાનું પુસ્તક પ્રકટ કરવામાં આવ્યું છે. ગુજરાતી બાળવર્ગના ઉપયોગ માટે એક સચિત્ર અને સરળ રચનાવાળું પુસ્તક રચવાની જરૂર છે, એમ કેળવણીખાતાસાથે સંબંધ ધરાવનારા કેટલાક વિદ્વાન મંડળનું મત છે, અને તે અનુસાર મ્હારા વિદ્વાન મિત્ર મરહુમ મિ. માધવલાલ હરિલાલ દેશાઈ તથા બીજા અનુભવી ગૃહસ્થોએ અગાઉ મ્હને સૂચના કરવાથી આ બાળોપયોગી પુસ્તક રચવામાં આવ્યું છે, અને તે રચના, તે ગૃહસ્થોની અનુભવદૃષ્ટિતળે પસાર થવા પછી, બાળવર્ગના ઉપયોગ માટે હાલ પ્રકટ કરવામાં આવ્યું છે.

આ પુસ્તક પ્હેલી ચોપડી શિખવ્યા પ્હેલાં, શરૂઆતનાં બાળવર્ગના ઉપયોગમાં લેવાનું છે, અને તેથીજ તેનું નામ **'મૂળ-ભાગ'** આપ્યું છે. નાનાં બાળકોને ગમ્મત સાથે જ્ઞાન આપવા માટે ચિત્ર-પદાર્થનો ઉપયોગ કરવાની જરૂર પડે છે, પરંતુ તે પદાર્થ-ચિત્ર, બાળકોના વ્યવહારમાં આવેલાં હોવાં જોઇએ. બાળકોને પોતાની

રમતના પદાર્થ પ્રિય હોય છે, અને તે પદાર્થવડે શિક્ષણ મેળવવા તેઓ હમેશાં આતુર દેખાય છે. ફ્રૅડરીક ફ્રૅબલે એજ હેતુથી કિન્ડરગાર્ટનમાં બાળ-વ્યવહારના પદાર્થનું ગુંથન કર્યું છે. કિન્ડરગાર્ટનની રમતોના મધ્યમાર્ગમાં ચિત્ર-પદાર્થનાં સાહિત્યો જોડે વાંચન જ્ઞાનના પદાર્થની રચના થઈ છે. એ પદાર્થ **કડીઓ** અને **સળીયો** છે તેવડે **મૂળાક્ષરો** અને **અંકની** રચના કરવામાં આવે છે. ફ્રૅબલની આ બાળરૂઢીનો ઉપયોગ કરતાં વાંચન જ્ઞાન માટે બાળ-વાંચનમાળાની મદદ લેવી પડે છે. સળીઓ અને કડીઓવડે રચાયલા અક્ષરો, કયા પદાર્થ-નામના પ્રથમાક્ષરો છે, તે ચિત્ર-પદાર્થવડે પ્રત્યક્ષ* સાબિત કરવું પડે છે. આ સ્થળે ચિત્ર-પદાર્થના નામનો પ્રથમાક્ષર ઉપયોગમાં લીધો, એટલેથીજ તેના ઉપયોગની હદ આવી રહેતી નથી, પણ તે પદાર્થો સંબંધી કંઈ કંઈ તત્વજ્ઞાનની જરૂર રહે છે, અને તે પદાર્થો, બાળકોને વ્હાલા, તેમજ અનુભવેલા હોવાથી, તેઓ તેનું સત્વ, સ્વાભાવિક રીતે ઝટપથી બતાવી શકે છે. નાનાં બાળકોને પોતાની વ્હાલી વસ્તુનું વર્ણન કરી બતાવવાની બહુ ટેવ હોય છે, ને તે ટેવનો શિક્ષકે ઉપયોગ કરી લેવાની આ ઉત્તમ તક છે. જ્યારે બાળકો સારી પેઠે અક્ષર અનુભવતાં થયાં કે પ્રથમ વ્યંજનના કાના-માત્રવિનાના સાદા અક્ષરો જોડીને શબ્દ બનાવવાની રીતપર શિક્ષકે બાળકોને દોરવવાં. જેમ કે '**ઘર-તલ**' ઇ. તે પછી ત્રણ અથવા ચાર અક્ષરોનાં સાદાં નામ પડાવવાં, જેમ કે **કલમ-હળદર**-ઇ. અને તે જ્ઞાનમાં પ્રવીણ થયા પછી તેનાંજ સાદાં વાક્ય રચાવવાં. જેમ કે '**છગન કલમ પકડ**' ઇ. તે પછી બાળકોને

* આજસુધી જુની રૂઢીપ્રમાણે સ્લેટપર અક્ષરો ઘુંટાવીને વાંચનજ્ઞાન આપવામાં આવતું હતું, ને તેજપ્રમાણે ચડતા ધોરણના વિષયો પઢાવી જવામાં આવતા હતા, પણ હાલમાં દરેક વિષય પ્રત્યક્ષ પદાર્થથી શિખવવો પડે છે ને તેનું પદાર્થ-તત્વ સાબીત કરવું પડે છે.

સ્વર સાથે ઓળખાણ કરાવવું. વ્યંજનસાથે સ્વરનો સંબન્ધ જોડતી વેળા, એકદમ સ્વરના બધા અક્ષરો તથા ચિન્હો શિખવી દેવાં નહિ, પણ ધીમે ધીમે એક અક્ષરને જોડવો, ને તે સાથે તેની બોલવાની તથા લખવાની રીત સમજાવીને એક એક શબ્દ પડાવી બતાવવો. જેમ કે ક+આ–એટલે ક+ા=કા. અને તેવોજ બીજો અક્ષર મેળવીને કા+કા-એટલે કાગડાનો ઉચ્ચાર, અથવા 'કાકા'નું ઓળખાણ આપવું. જેમ જેમ વ્યંજનસાથે સ્વરનાં ચિન્હો જોડાતાં જાય તેમ તેમ તેનો સંબન્ધ બતાવવો. જેમ કે 'કાકા' ઉપરથી 'કાકી' 'હાથ' ઉપરથી 'હાથી' ઇ. અને તે ઉપરથી પછી શબ્દની અને વાકયની રચના કરાવવી. પરંતુ તેમ કરતાં શિક્ષકે સંભાળ રાખવી કે જે સ્વરનો ઉપયોગ થયો ન હોય, તે અંદર દાખલ ન થઈ જાય! જેમ કે '**આ ગાય ઘાસ ખાય**' તે બદલે '**ખાય-છે**' તેવી રીતે '**છે**' પ્રવેશ થવા ન પામે; એટલુંજ નહિ પણ અનુસ્વાર સરખું ચિન્હે તેમાં ન આવે. વ્યંજન અને સ્વરનો આ પ્રકારે ધીમો સંબન્ધ બાળકોના લક્ષને સાબિત દૃઢ કરે છે, અને તેનો ધીમો વ્યવહાર, વાંચનજ્ઞાન માટે બળવંત બને છે. આ રૂઢીપ્રમાણે શીખવનારા શિક્ષકો, પોતાના અનુભવથી કહે છે કે તેમ કરતાં ધિરજ અને સહનશીલતાનો બહુ ઉપયોગ કરવો પડે છે, અને વખત પણ ઘણો જાય છે, પરંતુ ઉતાવળે ચાલીને છ માસમાં ચાર ચોપડી વંચાવવાની વૃથા મહેનત કરવા કરતાં આ રીતે ધીમું શિક્ષણ બહુ સંગીન થાય છે, ને તેથીજ આ બાળપુસ્તકની રચના આપણા વિદ્વાનોએ પણ પસંદ કરી છે.

આ '**મૂળ-ભાગ**' ની રચનાનો નિયમસર ઉપયોગ કરવામાં આવશે તો એક ગૃહશિક્ષક (**માતા**) અથવા શાળા-શિક્ષક (**મહેતાજી**) પોતાના પ્રયત્નમાં જેમ ફતેહ પામશે, તેમ બાળકો રહેલથી સંગીન જ્ઞાન સંપાદન કરશે.

કિન્ડરગાર્ટન કેળવણીનાં વીશ પુસ્તકોની રચના કવિતામાંજ કરવામાં આવી છે, હવે ગદ્ય-ગ્રંથનું સાહિત્ય વધારવાપ્રત્યે પ્રયત્ન ચાલુ કર્યો છે. જો તે પ્રયત્ન સફળ થશે, તો કર્ત્તા પોતાનું અહોભાગ્ય સમજશે.

આ ગ્રન્થ-રચના માટે કેટલાંક અંગ્રેજી પુસ્તકોનો આધાર લ્હેવામાં આવ્યો છે, ને તે માટે મુખ્ય The Child's Instructor નું આભારી છે. એ ઉપરાંત જે જે વિદ્વાન ગૃહસ્થોએ આ પ્રયત્નમાં પોતાની કિંમતી સલાહ તથા મદદ આપી છે, તેનો પણ આભાર માનવામાં આવે છે.

ચૈત્ર શુક્લપક્ષ-પૂર્ણિમા ૧૯૫૯-૬૦
એપ્રિલ-૧૯૦૩-મુંબઈનગરી.


કર્ત્તા.

# મૂળાક્ષરો ઓળખાવનારા ચિત્રો.


ક



ખ




ગ ઘ ઙ





ચ છ





જ


ઝ





ઞ


ટ



ઠ

ડ






ઠ

ણ




ત


થ






દ

ધ







ન




પ



ફ




બ



ભ



મ




ય




ર



લ



વ



શ



ષ



સ હ






ળ ક્ષ જ્ઞ



અ



આ


ઇ






ઈ

ઉ





ઊ

ઋ





# ઋ


# એ





# ઐ

# ઓ



# ઔ

# અં



# મૂળાક્ષર.

## (વ્યંજન.)

ક ખ ગ ઘ ઙ

ચ છ જ ઝ ઞ

ટ ઠ ડ ઢ ણ

ત થ દ ધ ન

પ ફ બ ભ મ

ય ર લ વ શ

ષ સ હ ળ


ક્ષ જ્ઞ

## પાઠ ૧.

### ( સ્વર. )

| અ | આ | ઇ | ઈ | ઉ | ઊ | એ | ઐ | ઓ | ઔ | અં |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ,, | ા | િ | ી | ુ | ૂ | ે | ૈ | ો | ૌ | ં |

અઃ+ઃ



ઘર.

ગ+જ. દ+સ. મ+ધ.


ત+લ. ધ+ડ. ર+મ.

થ+ડ. ન+ળ. વ+ડ.

પ+ગ. શા+ણુ.

## પાઠ ૨.





હરણ.

કલમ.

ગરમ.

છગન.

જમણ.

ધમણ.

નજર.

બતક.

પવન.

ફણસ.

મગન.

રબર.

લગન.

પાઠ ૩.

પલ+ટણ. વણ+કર.

પડ+ઘમ. સર+કસ.

બળ+તણ. હળ+દર.

---

પાઠ ૪.

દસ ગણ.

પગ ભર.

---

પાઠ ૫.

છગન, કલમ પકડ.

મગન, નજર કર.

મગજ, ગરમ ન કર.

અમન, લગન કર.

---

પાઠ ૬.

# આ—ા.



ચા

જા.

ક+ા=કા. ના.

ખ+ા=ખા. બા.

ગ+ા=ગા. મા.

ઘ+ા=ઘા. હા.

## પાઠ ૭.



| | |
|---|---|
| ગાય. | નાક. |
| ઝાડ. | કાન. |
| ડાળ. | હાથ. |

## પાઠ ૮.

કા+કા=કાકા.

દા+ણા=દાણા.


ધા+ણા=ધાણા.

બા+પા=બાપા.

મા+મા=મામા.

રા+જા=રાજા.

## પાઠ ૯.



આ ગાય ઘાસ ખાય.

બા, મામા જાય.

મા, છાશ આપ.

આ, ભાત ખા.

જા, શાક લાવ.

આ પાઠ કર.

બા, દાણા લાવ.


## પાઠ ૧૦.

# ઇ—ઈ—િ—ી.

ઘ+ી=ઘી. બ+ી=બી.

પ+ી=પી. શ+ી=શી.

## પાઠ ૧૧.



હાથ+ી=હાથી.

તાડ+ી=તાડી.

વાડ+ી=વાડી.

તા+ળ+ ી=તાળી.
મા+ળ+ ી=માળી.
થા+ળ+ ી=થાળી.

---

પાઠ ૧૨.

| | | |
|---|---|---|
| આડી. | સીધી. | પીપ. |
| લીટી. | પીળી. | ગીત. |
| કીડી. | શીશી. | જીભ. |
| દીવી. | ખીલી. | મીણ. |
| | લીલી. | હીર. |

પાઠ ૧૩.

તાળી લઈ ગીત ગા.
માળી ? પાન લાવ.

હાથી ઘાસ ખાય.

## પાઠ ૧૪.


ભિખારી. દિવાળી.

નિશાળ.



મારી નિશાળ સારી ગણાય.

આ ભિખારી માગી ખાય.



આ બિલાડી ઘી ખાય.
દિવાળીના દીવા થાય.

## પાઠ ૧૫.



નવલ, ગાડી લાવ.
જા-બા-ફરવા જા.

રામા ? દીવી લાવ.

આ ? પાણી આપ !

જા, પાણી પી આવ.

આ મધની શીશી લાવ.

મગન ? ભાજી લાવ.

શીરીન, આમ આવ.

આ સરસ ગીત ગા.

---

પાઠ ૧૬.

ઉ—ઊ— ૂ— ૂ.

ર+ ૂ=રૂ. ખ+ ૂ=ખૂ.

જ+ ૂ=જૂ. લ+ ૂ=લૂ.

---

પાઠ ૧૭.

તારા માથા ઉપરથી જૂ જાય.

તાપથી ઘણી લૂ વાય.
આ ખૂણાથી આ ખૂણાપર જવાય.

પાઠ ૧૮.

દૂધ ફૂલ ભૂખ.
ધૂળ બૂમ મૂછ.



સૂરજ.



રૂપિઓ.
ખુરસી.

ગુલાબ.

પાઠ ૧૯.

માળી ! ફૂલ આપ.
જા, દૂધ લાવ.

મા, ભૂખ લાગી.
જા, દૂધ–પૂરી ખા.
બા, ખાવા આવ.
ના, ના, જા–ભાઈ.

## પાઠ ૨૦.

એ— ે

છ+ે=છે. ન+ે=ને.
જ+ે=જે. બ+ે=બે.
ત+ે=તે. લ+ે=લે.
દ+ે=દે.

## પાઠ ૨૧.

જે છે તે લે.
ને તેને બે દે.

એ એક જણ છે.
તેને એક દે.


પાઠ ૨૨.

| | |
|---|---|
| કેળ. | પેટ. |
| ખેલ. | હેત. |
| તેલ. | બેન. |

પાઠ ૨૩.

| | | |
|---|---|---|
| જેણે. | વેચે. | પેટી. |
| તેણે. | બેસે. | બેડી. |
| દેજે. | કેરી. | શેરી. |

પાઠ ૨૪.





પેલી કેરી કાચી છે.
તે ઘેલી બેઠી બેઠી ખાય છે.
એ શેરીએ શેરીએ ફરેછે.
પેલી તેને વાત કહેછે.
તે ઉભી થઈને સામે કેવી લડેછે ?
બા, એ ઘેલી પથરા મારે છે.
તેને નાશી જવા દે.
એ કેરી ખાટી છે.
તે ખાતી ખાતી જાય છે.

પાઠ ૨૫.

# ઐ—    ૈ

પ+ૈ=પૈ.


મારી પાસે એક પૈ છે.
આ પાસે એક પૈસો છે.
બે પૈસા મળીને એક ઢબુ થાય.
એક પૈસાની પેન લેવી છે.
ને બીજા પૈસાની સાકર લઈશ.

પાઠ ૨૬.

# ઓ—    ો.

જ+ો=જો.    દ+ો=દો.

ત+ો=તો.    હ=ો=હો.



ઘોડો. ગોળ.

ગોળો. ઓર.

વોરો. ઢોલ.




મોર.

## પાઠ ૨૭.



ચોરસ. પોપટ. ગોળ.





આ ચોરસ પાટી છે.
આ ગોળો ગોળ છે.
જો પેલો પોપટ છે.
આ ઘોડો મારો છે.
આ મને બોર છે.
જો પેલો મોર નાચે છે.

## પાઠ ૨૮.



ઔ— ૌ.

ક+ ૌ=કૌ. પ+ ૌ=પૌ.

ચ+ ૌ=ચૌ.


કૌઓ— પૌઆ- ચૌદ.

જો પેલો કૌઓ કેવી ચીસ પાડેછે!

તારે પૌઆ જોઈએ છે ?

જો ખાવા હોય તો લે.
દસ ને ચાર ચૌદ થાય.

પાઠ ૨૯.



ં— (ः).

ઘંટ. ઘંટી. આંબો. ચાંદો.
રંગ. પંખી. કાંદો. લાંબો.
વીંટી. પીંછી.
રીંછ— છીંક.
ઉંદર. ઉંટ.

| | |
|---|---|
| તેં. | મેં. |
| રેંટ. | વેંત. |
| પેંડું. | મોં. |

## પાઠ ૩૦.



જો, બા, પેલો ચાંદો દેખાય છે.
તેના ઉપર એક ચાંદરણું દેખાયછે.

ચાંદા તારૂં ચાંદરણું,
પાલખ બેઠું જાય;
એક મોતી આપી જા,
હાર આ પૂરો થાય.

આ ગીત કેવું મજાનું છે!

બા, જો એ ચાંદો પાણીમાં દેખાયછે.
ને આરશીમાં ચળકે છે.
ચાંદો રાતે ઉગે છે.
ને સૂરજ તો દિવસે ઉગે છે.
મને પેલું ચાંદરણું બહુ ગમે છે.
એતો ઘણાં ચળકે છે.
હુમને તેની સાથે રમવું ઘણુંગમે છે.
બા, હું તે ચાંદરણાં ગણું છું જો!

૧ ૨ ૩ ૪ ૫ ૬

o oo ooo oooo oooooooo

ooo

૭ ૮ ૯ ૧૦

oooo oooo oooooo oooooo

ooo oooo oooo ooooo

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ૧૧ | ૨૧ | ૩૧ | ૪૧ |
| ૨ | ૧૨ | ૨૨ | ૩૨ | ૪૨ |
| ૩ | ૧૩ | ૨૩ | ૩૩ | ૪૩ |
| ૪ | ૧૪ | ૨૪ | ૩૪ | ૪૪ |
| ૫ | ૧૫ | ૨૫ | ૩૫ | ૪૫ |
| ૬ | ૧૬ | ૨૬ | ૩૬ | ૪૬ |
| ૭ | ૧૭ | ૨૭ | ૩૭ | ૪૭ |
| ૮ | ૧૮ | ૨૮ | ૩૮ | ૪૮ |
| ૯ | ૧૯ | ૨૯ | ૩૯ | ૪૯ |
| ૧૦ | ૨૦ | ૩૦ | ૪૦ | ૫૦ |
| ૫૧ | ૬૧ | ૭૧ | ૮૧ | ૯૧ |
| ૫૨ | ૬૨ | ૭૨ | ૮૨ | ૯૨ |
| ૫૩ | ૬૩ | ૭૩ | ૮૩ | ૯૩ |
| ૫૪ | ૬૪ | ૭૪ | ૮૪ | ૯૪ |
| ૫૫ | ૬૫ | ૭૫ | ૮૫ | ૯૫ |
| ૫૬ | ૬૬ | ૭૬ | ૮૬ | ૯૬ |
| ૫૭ | ૬૭ | ૭૭ | ૮૭ | ૯૭ |
| ૫૮ | ૬૮ | ૭૮ | ૮૮ | ૯૮ |
| ૫૯ | ૬૯ | ૭૯ | ૮૯ | ૯૯ |
| ૬૦ | ૭૦ | ૮૦ | ૯૦ | ૧૦૦ |

# કિન્ડરગાર્ટન ગ્રંથમાળાની સરકારી તપાસ.

## દેલવાડાકર સિરીઝ.

| | "બાળ-ગ્રંથાવળી નં૦ ૧ થી ૨૦." | રુ. | આ. | પૈ. |
|---|---|---|---|---|
| | ૧. કિન્ડરગાર્ટન શિક્ષણ પદ્ધતિ.............. | ૦ | ૪ | ૦ |
| | ૨. કિન્ડરગાર્ટન વાંચન-માળા મૂળ ભાગ (સચિત્ર) | ૦ | ૨ | ૦ |
| * | ૩. કિન્ડરગાર્ટન ભાગ ૧ થી ૩ દરેકના...... | ૦ | ૪ | ૦ |
| | (ત્રણ પુસ્તક સાથે બાંધેલાના પાકા પુઠાના) | ૦ | ૧૨ | ૦ |
| † | ૬. બાળ કસરત ભાગ ૧ ( સચિત્ર ) ત્રીજી આવૃત્તિ........................... | ૦ | ૨ | ૦ |
| A | ૬. બાળ કસરત ભાગ ૨ જો.............. | ૦ | ૨ | ૦ |
| | ૭. શિશુ શિક્ષણ ( સંક્ષિપ્ત કવિતામાં )......... | ૦ | ૪ | ૦ |
| † | ૮. બાળ કહાણિયો ..................... | ૦ | ૨ | ૦ |
| † | ૯. બાળ બાગ ભાગ ૧-૨ દરેકના............ | ૦ | ૪ | ૦ |
| | ( બે ભાગ સાથે બાંધેલા પાકા પુઠાના )...... | ૦ | ૮ | ૦ |
| | ૧૧. કિન્ડરગાર્ટન પાઠમાળા (વાંચન-પદાર્થ પાઠ) | ૦ | ૨ | ૦ |
| | ૧૨. બાળ શિક્ષણ ગરબાવળી (સ્ત્રીધર્મશિક્ષણ) | ૦ | ૪ | ૦ |
| | ૧૩. સંગીત-સતીમંડળ ( સ્ત્રી ધર્મનીતિ જ્ઞાન ) | ૦ | ૪ | ૦ |
| * | ૧૪. બાળ-ખેલ (સચિત્ર કિન્ડર-ગાર્ટન શિક્ષણ) | ૦ | ૫ | ૦ |
| | ૧૫. બાળકોની રંગભૂમિ ( નાનાં નાટકો )...... | ૦ | ૨ | ૦ |
| | ૧૬. બાળ જ્ઞાન........................ | ૦ | ૨ | ૦ |
| | ૧૭. બાળ ગીત ....................... | ૦ | ૨ | ૦ |
| | ૧૮. કિન્ડરગાર્ટન—પદાર્થ પાઠ............. | ૦ | ૨ | ૦ |
| | ૧૯. કિન્ડરગાર્ટન ડ્રાઇંગ બુક ભાગ ૧ ...... | ૦ | ૨ | ૦ |

* આ પુસ્તકો, સરકારી ગુજરાતી પ્રાથમિક શાળાઓમાં 'ટેક્સ્ટબુક' તેમજ 'ઇનામ-લાઇબ્રરી' તરીકે વાપરવા માટે સરકારી કેળવણીખાતા તરફથી ખાસ હુકમ પ્રકટ થયો છે.

† આ પુસ્તકો માંહે કેટલાંક શાળા-શિક્ષકોના ઉપયોગ માટે તથા ઇનામ-લાઇબ્રરી માટે મંજુર થયાં છે.

રચનાર—ગોપાળજી કલ્યાણજી દેલવાડાકર.

નં૦ ૧૫૫ ફનસવાડી મુંબઇ.



મી० દેલવાડાકર,

છાપું ન. કુ. મેસર્સ ક. એ. મુગભાટ ખાડિલાંચી ચાળ મુંબઈ.